ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૮-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### કાશ્મીરમાં છાણે વીંછી ચડાવવાની ભૂલ ભારે પડી શકે

અટલબિહારી વાજપેયી એમની જોશીલી જબાનમાં કાશ્મીરને ભારત વર્ષના મસ્તક સાથે સરખાવતા ત્યારે શ્રોતાઓમાં રાષ્ટ્રભક્તિનું ઘોડાપૂર ઊમટતું અને ખુદ હિંદુત્વવાદી વિચારધારાના વિરોધીઓ પણ એમના ભાષણથી પ્રભાવિત થતા. જમ્મુ અને કાશ્મીરના મહારાજા હરિસિંહ ભારત સાથે રહેવું કે પાકિસ્તાન સાથે જોડાવું એ મુદ્દે ભારે અવઢવ અનુભવતા રહ્યા જેથી સમયસર એનું ભારતીય રાજયસંઘ (ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્ટેટ્સ) સાથે જોડાણ નહોતું થઈ શક્યું. વ્યૂહાત્મક દૃષ્ટિએ કાશ્મીર ભારત સાથે જોડાય તે જરૂરી હતું પરંતુ વસતિની દૃષ્ટિએ કાશ્મીર ખીણમાં મુસલમાનોની ભારે બહુમતી હતી અને પાકિસ્તાનનું તો સર્જન જ ઈસ્લામિક દેશ તરીકે થઈ રહ્યું હતું. વિચક્ષણ કાશ્મીરી નેતા શેખ અબ્દુલ્લા 'શેરે કાશ્મીર' તરીકે ઓળખાતા હતા. અડધું પડધું કાશ્મીર એમની દખલગીરીથી સચવાયું હતું, જેનો લાભ પેઢી-દરપેઢી શેખ અબ્દુલ્લાના પરિવારને સાંપડતો રહ્યો છે. કબાઈલીઓએ હુમલો કરીને અડધું કાશ્મીર કબજે કરી લીધું ત્યાં સુધી ભારત સરકાર ઊંઘતી રહી હતી. આખરે ખંડિત કાશ્મીરથી ભારતને સંતોષ માનવો પડ્યો હતો. જમ્મુ વિસ્તારમાં હિંદુઓની બહુમતી હતી પરંતુ કાશ્મીર ખીણમાંથી તો વીણી વીણીને પંડિતોની હકાલપટ્ટી થતી રહી છે અને નિર્વાસિત કાશ્મીરી વારસદારો ખાસ કશું નક્કર કહી શકાય એવું કરી શક્યા નથી. જાણે એક પરદેશી મહેમાનને બળજબરીપૂર્વક પંપાળી પંપાળીને સાથે રાખતા હોઈએ એમ કાશ્મીરને આઝાદીના સાડા છ દાયકા સુધી આપણા રાજનેતાઓએ સાચવ્યે રાખ્યું છે. અબજો રૂપિયાનું આંધણ કર્યા પછી પણ કાશ્મીર ખીણ ભારત માટે શિરોવેદના જ બની રહી છે. છેલ્લે જમ્મુ વિસ્તારમાં પણ આતંકવાદીઓનો ડોળો મંડાયેલો રહ્યો છે. ભારતીય સેનાના હાથ બંધાયેલા હોઈ એમને પણ ભારે ટેન્શનમાં રહેવું પડે છે. સ્થાનિક વસતિમાંથી જ નવા નવા આતંકવાદીઓ પેદા થતા રહે છે. સરહદપારના આતંકવાદીઓ અને પાકિસ્તાનની નાપાક આર્મી તથા કુખ્યાત ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ કાશ્મીરની સમસ્યા સતત સળગતી રાખી ભારતની ઊંઘ હરામ કરતાં રહે છે. તાજેતરમાં કિશ્તવાડ અને રાજોરીમાં લઘુમતી હિંદુ વસતિ ઉપર સ્થાનિક મુસ્લિમોએ જ જુલમ ગુજાર્યો છે તે આગામી દિવસોમાં જમ્મુ-કાશ્મીરની બિહામણી સ્થિતિ સરજાવાની છે, એનો આગોતરો અણસાર જ છે. ભારતીય સેનાએ વારંવાર પાકિસ્તાની હુમલાઓને નિષ્ફળ બનાવી દીધા હોવા છતાં આ પ્રકારનાં છમકલાં ચાલુ રાખી પાકિસ્તાન કાશ્મીરને ભારતથી વિખૂટું પાડી દેવાનો મનસૂબો સેવી રહ્યું છે. ઈંદિરા ગાંધીએ બાંગ્લાદેશને આઝાદ કરાવીને પાકિસ્તાનનું નાક વાઢી નાખી એની એક પાંખ કાપી નાખી હતી. પાકિસ્તાન આ અપમાનનો બદલો લેવા કાશ્મીરમાં રોજેરોજ છમકલાં કરાવતું રહે છે અને હિંદુઓને કાશ્મીર ખીણમાંથી હિજરત કરવાની ફરજ પાડ્યા પછી તે બધા જમ્મુ વિસ્તાર ખાલી કરી દે, એના કારસા ઘડતું રહે છે. કિશ્તવાડ ઘટનાને આ રીતે મૂલવવી જોઈએ. એમાંથી રાજકીય લાભ ખેરવી લેવાનો ભાજપનો વ્યૂહ દેશહિતમાં નથી. સુષમા સ્વરાજ, રાજનાથસિંહ અને અરુણ જેટલીએ પોતે જ હિંદુઓના હિતરક્ષક હોય અને કેન્દ્ર સરકાર કે રાજય સરકાર હિંદુઓની સલામતીના મુદ્દે આંખ આડા કાન કરી રહી હોય એવું પ્રસ્થાપિત કરવા મથામણ કરી છે. કાશ્મીર જેવા સંવેદનશીલ મુદ્દે રાજકીય ખીચડી પકાવવાનો અભિગમ ઉચિત નથી. આ એક એવી બાબત છે જે દેશના હાથમાંથી સરકી ગઈ તો કાશ્મીરને અલગ દેશ તરીકેની સ્વીકૃતિ આપવા ચીન જેવી મહાસત્તા અને મુસ્લિમ રાષ્ટ્રો ટાંપીને બેઠાં છે. દૂઝણી ગાય ન હોવા છતાં જેની લાત ખમવી પડે એવી કાશ્મીરની વ્યૂહાત્મક પરિસ્થિતિ છે ત્યારે ફૂંકી ફૂંકીને ડગ માંડવાની અને તોળી તોળીને શબ્દ ઉચ્ચારવાની રાજનીતિ જ કારગત નીવડી શકશે. જરા સરખી ચૂકથી કાશ્મીરમાં ભડકો થઈ શકે એમ છે ત્યારે એને બંધારણ દ્વારા અપાયેલ ૩૭૦મી કલમવાળો વિશેષાધિકાર હાલ પૂરતો છંછેડવા લાયક મુદ્દો નથી જ નથી.

## એન્જિમાં પ્રવેશ બાદ શારીરીક ક્ષમતાનો ટેસ્ટ હવે ફરજિયાત

અમદાવાદ, તા.૧૧

ગુજરાત ટેકનોજીકલ યુનિવર્સિટી દ્વારા પ્રથમ વર્ષ બીઈમાં એડમિશન લેનાર પ્રત્યેક વિદ્યાર્થીઓ માટે દાખલ કરેલ બ્રીજ કોર્સમાં સ્ટેટ કેડેટ કોર્પ નામનો વિષય સમાવાતા એન્જીનીયરીંગમાં એડમિશન લીધા બાદ વિદ્યાર્થીઓને તેમની શારીરિક ક્ષમતાનો ટેસ્ટ આપવો ફરજીયાત બની રહેશે. તે અંગે ટ્રેનિંગ પણ આપવામાં આવશે. ધોરણ-૧૨ પછી સીધા એન્જીનીયરીંગમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓમાં શારીરિક સભાનતા વધે તેમજ માનસિક રીતે સજ્જ બની દેશની સેવા કરી શકે તે હેતુથી યુનિ. દ્વારા આ વિષયને દાખલ કરાયો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાતમાં ૫૦૦ જેટલી કોલેજો ધરાવતી ગુજરાત ટેકનોજીકલ યુનિવર્સિટીમાં ચાર લાખ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ યુનિવર્સિટી દ્વારા ધોરણ-૧૨ સુધી શાળામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોલેજ તરફ જવા માટેની માનસિક સજ્જતા જાળવે તે હેતુસર ચાલુ વર્ષે પ્રથમ વર્ષ બીઈમાં એડમિશન લેનાર વિદ્યાર્થીઓ માટે બ્રીજ કોર્સ દાખલ કરેલ છે.

જેમાં જીટીયુના બોર્ડ ઓફ સ્પોર્ટસના કો-ઓર્ડનેટર ડો. મુકેશ પટેલ, સેક્રેટરી ચૈતન્ય સંઘવી સહિતની ટીમે યુનિ.ને આ બ્રીજ કોર્સમાં વિદ્યાર્થીઓની શારીરિક ક્ષમતાનો વિષય દાખલ કરવા સૂચનો કર્યા હતા. આ કોર્સમાં છ અઠવાડીયાની ટ્રેનીંગ બાદ મલ્ટીપલ ચોઈસ કવેચ્ચન પ્રકારની ઓનલાઈન પરીક્ષા લેવાશે. આ વિષયમાં રાષ્ટ્રીય સેવા યોજના, નેશનલ કેડેટ કોર્સ, શારીરિક શિક્ષણને આવરી લેવાયું છે. આ અંગે જીટીયુના એસસીસી કન્વીનર મુકેશ પટેલે જણાવ્યું હતું કે અમે છેલ્લા કેટલાક વર્ષોથી વિદ્યાર્થીઓની શારીરિક ક્ષમતા અંગે સંશોધન કર્યું હતું. જેમાં ૧૮ થી ૨૨ વર્ષના યુવાન-યુવતીઓમાં યુવાધનમાં હોવી જોઈએ તેના કરતાં ઘણી ઓછી ક્ષમતા જોવા મળી હતી. જે બાબત અમે ઘણીવાર ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટસમાં ચર્ચા કરી હતી. જેના આધારે જીટીયુની તમામ કોલેજોને બ્રીજ કોર્સમાં આ વિષય સમાવાતાં હવે વિદ્યાર્થીઓની શારીરિક ક્ષમતા ચકાસી શકાશે.

# ગાંધીનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાનો ધીકતો ધંધો

## એક હજારથી માંડીને ૨૫૦૦૦ સુધીની ફી આપી ભણતા ગુજરાતના ઉમેદવારો

ગાંધીનગર, તા.૧૧

રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી નોકરી માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાઈ રહી છે. ત્યારે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા અપાવવા ગાંધીનગર શહેરમાં વિવિધ નામી અને અનામી કલાસીસ શરૂ થયા છે જેમાં નોકરી વાંચ્છુક અને અભ્યાસુ વિદ્યાર્થીઓ મોં માંગી ફી આપી તાલીમ લઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ બન્યા છે. બની રહ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા જી.પી.એસ.સી. કલાસ-૧,૨, એચ.ટાટ, ટેટ-૨, એસ.ઓ., ટીડીઓ, મામલતદાર, ડીવાયએસપી, ચીફ ઓફિસર, પી.એસ.આઈ., કોન્સ્ટેબલ, કલાર્ક વગેરે સરકારી નોકરી માટેની જાહેરાતો માટેના તાલીમી વર્ગો ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી ધમધમી રહ્યા છે. માત્ર હજાર રૂપિયાથી શરુ થઈને ૧૬૦૦૦, ૨૫૦૦૦ સુધીની ફીના ધોરણવાળા વર્ગો હાલમાં નગરના મુખ્ય સેકટરોમાં ધમધમી રહ્યા છે. છેલ્લા ૧૯ વર્ષથી તૈયારી કરાવતા ટીસીસી આઈના વર્ગો, સ્માર્ટ એકેડમી, ઓમ કલાસીસ, લિબર્ટી કેરિયર એકેડમી, વિવેકાનંદ એકેડમી, ઈગલ એકેડમી જેવી નામાંકિત સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોમાં માત્ર ગાંધીનગરના જ નહીં પણ આસપાસના ગામ-શહેર અને સમગ્ર ગુજરાતના દૂર-દૂરના ગામડાઓમાંથી નોકરી વાંચ્છુક ઉમેદવારો અભ્યાસ માટે આવે છે અને ૪-૬ માસ સુધી જનરલ નોલેજ, અંગ્રેજી, ગુજરાતી વ્યાકરણ, સાહિત્ય, બંધારણ, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી, રીઝનિંગ એબિલીટી, પંચાયતી રાજ જેવા વિષયો સઘન તાલીમથી શીખે છે.

સમાજના સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ તથા એચએસસી પાસ ઉમેદવારોને નોકરીમાં સારી તક મળી શકે તે માટે નગરમાં જે તે સમાજ દ્વારા પણ સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરુ કરવામાં આવ્યા છે. સમાજના યુવાનોને આર્થિક રીતે મદદરૂપ થવા અને સારી કારકિર્દી ઘડવાના આશયથી બ્રહ્મ સમાજ, રાજપૂત સમાજ, કડવા પાટીદાર સમાજ અને સેનવા સમાજ દ્વારા પણ સ્પર્ધાત્મક પરીક્ષાના નિઃશુલ્ક વર્ગો શરુ કરવામાં આવ્યા છે. ગાંધીનગરમાં આવા સ્પર્ધાત્મક પરીક્ષાના ૨૫ જેટલા વર્ગો ચાલે છે. આ સ્પર્ધાત્મક વર્ગોમાં અંદાજીત ૧૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાલમાં તાલીમ લઈ રહ્યા છે. ખુબ જ સસ્તા અને મોંઘા આ વર્ગોમાં જોડાવા માટે દરેક યુવાન યુવતી માટે બે ત્રણ દિવસ ડેમો લેકચર પણ અપાય છે અને વિદ્યાર્થીને કન્વીન્સ કરી વર્ગોમાં જોડવા નામાંકિત ફેકલ્ટી પણ બોલાવાય છે. શહેરમાં ધીગતા આ સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોમાં સંચાલકોએ જીવ રેડી દઈ પોતાના કલાસોને ખીચોખીચ કરી દીધા છે. વિદ્યાર્થીઓ પણ સારી સારી ફેકલ્ટીના વર્ગો ભરવા મોં માંગ્યા રૂપિયા આપી વર્ગોમાં જોડાય છે.

# શાળાઓએ બોર્ડની કચેરીમાં રૂબરૂ અરજી મોકલવી પડશે

## ૧૪મી સુધી પુરક પરીક્ષાની ગુણ ચકાસણી માટે અરજી કરી શકાશે : સુધારાની અરજી ૧૩મી સુધીમાં થઈ શકશે

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામ ગુરૂવારે જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાના પરીણામમાં જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા માંગતા હોય કે માર્કશીટમાં નામ, અટક સુધારવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ ૧૪ ઓગસ્ટ ૨૦૧૩ સુધી પોતાની અરજી કરી શકશે. આ માટે વિદ્યાર્થીઓ ગુણચકાસણીના ફોર્મમાં અરજી કરીને રૂપિયા ૧૦૦ નિયત ફીનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે પોતાના શાળામાં આપવાનું રહેશે. શાળા દ્વારા આ ફોર્મ ૧૪ ઓગસ્ટ પહેલા શિક્ષણ બોર્ડની કચેરી ગાંધીનગર રૂબરૂમાં જઈ પહોંચાડવાની રહેશે. ટપાલ અથવા કુરીયર મારફતે આવેલ અરજીઓને રદ બાતલ ગણવામાં આવશે. ઉલ્લેખનીય છે કે બોર્ડ દ્વારા માર્ચ-એપ્રિલ ૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ની પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓનું વર્ષ ન પગડે તે માટે જુલાઈ-૨૦૧૩માં પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેનું પરીણામ બોર્ડ દ્વારા ગુરૂવારના રોજ જાહેર કરાયું હતું.

# શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે વાલી સંમેલન યોજાયું


તસ્વીર : નટુભાઈ પટેલ, ચિલોડા

પ્રાંતિજ, તા. ૧૧

પ્રાંતિજ તાલુકાની શેઠ. એમ.કે. ઓરાણ ગ્રુપ મા. શાળા ખાતે શાળાના મંત્રીશ્રી મહેન્દ્રભાઈ જૈનના અધ્યક્ષસ્થઆને એક વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શાળઆમાં ભણતાં ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી વર્ષ તરીકે જ્વલંત સફળતા પ્રાપ્ત કરે તેવા હેતુસર, વાલી-જાગૃતિ કેળવવા જરૂરી માર્ગદર્શન, માહિતીનું આદાન-પ્રદાન થાય, શાળાના શૈક્ષણિક કર્મચારી, તથા વાલી વચ્ચેનાં સંપર્કથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓ જાણી શકાય તેવા હેતુસર વાલી સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓના જાગૃત વાલીયો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સંમેલનમાં હાજર વાલીઓમાંથી શાળા વાલી મંડળની રચના કરવામાં આવી હતી.

જેમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રીની વરણી કરવામાં આવી હતી.

આ પ્રંસગે કેળવણી મંડળના સભ્યશ્રી અમીચંદભાઈ પટેલ, પરબતસિંહ રાઠોડ તથા શાળાના આચાર્યશ્રી ડૉ. કે.એન. રાઠોડ સાહેબ વાલી સંમેલનની અગત્યતા અને વિદ્યાર્થીઓને શિક્ષણની અનિવાર્યતા પર ભાર મુકી પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ સમગ્ર સંમેલનનું સંચાલન નટુભાઈ પટેલે સંભાળ્યું હતું. જયારે આભાર વિધિ સંજયભાઈ સોનીએ કરી હતી.


ખાલી કહેવાનો નહીં પણ, સાચે જ પર્યાવરણ વાદી છું... બીલીપત્ર તોડુ નહીં... મહાદેવને રોજ વૃક્ષ નીચે લાવી પૂજા કરી લઉં... !

## જૈન સોશ્યલ ગૃપ વિકલાંગ બાળકો સાથે ૧૫મી ઓગષ્ટ ઉજવશે

ગાંધીનગર, તા.૧૧

જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરના સભ્ય દંપતિઓ આગામી સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ ઉવારસદ મુકામે આવેલી સદવિચાર પરિવાર સંચાલિત વિકલાંગ પુનર્વાસ કેન્દ્રમાં લગભગ ૧૮૦ બાળકો સાથે ઉજવશે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી માટે ગૃપના સભ્યો સવારે ૯ કલાકે વિકલાંગ પુનર્વાસ કેન્દ્રમાં પહોંચી ધ્વજવંદન કરશે. વિકલાંગ બાળકો તેમનો વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કરશે. ગૃપ તરફથી બાળકને જરુરી વસ્તુઓ આપવામાં આવશે. આ પ્રસંગે સેકટર-૨૨ દેરાસરમાં ચાતુર્માસ અર્થે બિરાજતાં પ.પૂ. પન્યાસ ગુરુદેવ પ્રસન્નકીર્તિસાગર મ.સા. વિકલાંગ બાળકોને આશીર્વચન આપવા ખાસ હાજર રહેનાર છે.

# માધ્યમિક શિક્ષણ બોર્ડની બેઠક ૨૭મીએ યોજાશે

## હવે શિક્ષણ બોર્ડ દ્વારા સમિતિના સભ્યોની નિમણૂંક માટે જાહેરનામુ જારી : શિક્ષણ જગતમાં ફરી ગરમાવો આવ્યો

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડની ચૂંટણી પૂર્ણ થઈ ચુકી છે અને નવા બોર્ડ સભ્યોની વરણી પણ ચૂકી છે ત્યારે આગામી ૨૭મી ઓગસ્ટે શિક્ષણ બોર્ડની સામાન્ય સભા મળશે જેમાં શિક્ષણ બોર્ડની ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવશે. આ માટે શિક્ષણ બોર્ડ દ્વારા સમિતિના સભ્યોની નિમણુંક માટે જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્મિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની સામાન્ય સભા ૨૭મી ઓગસ્ટના રોજ મળશે, જેમાં કારોબારી, પરીક્ષા, શૈક્ષણિક અને નાણાં સમિતિના હોદ્દેદારોની ચૂંટણી ચૂંટાયેલા સભ્યોમાંથી થનાર હોય શિક્ષણ જગતમાં ફરી ગરમાવો આવી ગયેલ છે, શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની આ ચારેય સમિતિની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવેલ છે. તે મુજબ ફોર્મ તારીખ ૧૩ થી ૨૧ ઓગસ્ટ સુધી ભરાશે, જ્યારે તારીખ ૨૬ ઓગસ્ટ સુધીમાં ઉમેદવારી પરત ખેંચી શકાશે. આ સમિતિઓ પૈકી કારોબારી સમિતિ મહત્વની હોય જેમાં સ્થાન પામવા માટે ચૂંટાયેલા બોર્ડ સભ્યોએ અત્યારથી જ લોબીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ સમિતિમાં ચૂંટયેલા સભ્યો પૈકી ૭ સભ્યોને સ્થાન મલે છે. તેથી શિક્ષણ બોર્ડમાં સૌથી મહત્વની એવી આ સમિતિમાં સ્થાન મેળવવા માટે અનેક સભ્યો મેદાનમાં આવી ગયા છે. જ્યારે પરીક્ષા સમિતિમાં ચૂંટાયેલા સભ્યો પૈકી ૬ સભ્યો હોય છે, જ્યારે શૈક્ષણિક સમિતિમાં ૫ સભ્યો હોય છે, નાણાં સમિતિમાં ૪ સભ્યો હોય છે, ઉલ્લેખનીય છે કે તારીખ ૨૦ જુલાઈના રોજ શિક્ષણ બોર્ડના સભ્યપદની ચૂંટણી લોકશાહી ઢબે યોજાયા બાદ હવે આગામી તારીખ ૨૭ ના બોર્ડ દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવેલ છે. જેમાં થનારી ચાર સમિતિના હોદ્દેદારોની ચૂંટણીમાં ૨૬ તાજેતરમાં ચૂંટાયેલા સભ્યો, ૮ જુદી જુદી યુનિવર્સિટીના સભ્યો ૫ ધારાસભ્યો, ૩ સરકાર નિયુક્ત સભ્યો અને ૧૬ વર્ગ-૧ના અધિકારીઓ મળી કુલ ૫૮ જેટલા સભ્યો મતદાન કરશે.

# કોઈ વ્યક્તિ જ્યારે નોટીસ લેવાની ના પાડે ત્યારે નોટીસ બજી ગઈ છે તેમ ગણાય

ગત્ અંકમાં આપણે ભરણપોષણ સંદર્ભેની અલગ અલગ કાયદાની જોગવાઈ બાબતે જાણકારી મેળવી રહ્યા હતા. નીતા અને કરણના કેસની ચર્ચા કરી રહ્યા હતા. કરણે સુરતની અદાલતમાં દિકરી રોશનીનો કબજો મેળવવા માટે નીતા વિરુદ્ધ દાવો દાખલ કરેલ છે. જ્યારે નીતાએ પોતાની જાત માટે તથા દિકરી રોશની માટે ભરણપોષણ મેળવવા રાજકોટની અદાલતમાં ભરણપોષણ અરજી કરણ વિરુદ્ધ દાખલ કરેલ છે. નીતા પાસે જે સરનામું કરણનું છે તે સરનામે કરણ મળી આવતો નથી અને અદાલતની નોટીસ કરણને બજતી નથી.

ભરણપોષણના કેસો હોય કે અન્ય કોઈપણ કેસો હોય પક્ષકારોનું સરનામું એ અગત્યનો મુદ્દો છે. અત્રે એ ઉલ્લેખ કરીએ કે જયારે કોઈપણ કેસ અદાલતમાં દાખલ થાય છે ત્યારે કેસની વિગત સાથે કેસ કરનાર અરજદાર અને કેસ જેની સામે કરવાનો છે તે સામાવાળા, તે બંનેના સરનામા અદાલતમાં જાહેર કરવાના હોય છે. આ પ્રકારે બંને પક્ષકારોના સરનામા લખીને જે અદાલત સમક્ષ જાહેર થાય તેને 'સરનામા પુરસીસ' એમ ઉલ્લેખ કરવામાં આવે છે. પક્ષકારોએ અદાલતમાં સાચા સરનામા જાહેર કરવાના હોય છે. કોઈપણ પક્ષકાર જો ખોટું સરનામું અદાલતમાં જાહેર કરે તો તે પણ ગેરકાયેદસર બાબત છે. જે વ્યક્તિ કે પક્ષકાર ખોટું સરનામું ઈરાદાપૂર્વક અથવા તો અદાલતની કે સામા પક્ષકારની ગેરમાર્ગે દોરવા અર્થે જાહેર કરે તો તે ગુનો છે. આમ સરનામા પુરસીસ એ ખૂબ નાની બાબત છે પરંતુ તે ખૂબ જ અગત્યની બાબત છે.

કરણે સૂરતની અદાલતમાં રોશનીનો કબજો લેવા માટે ગાર્ડીયન એન્ડ વોડર્ઝ એકટ અંતર્ગત નીતા વિરુદ્ધ દાવો દાખલ કરેલ હતો તેમાં કરણે તેનું સરનામું સુરતનું લખાવેલ હતું. નીતાએ રાજકોટની અદાલતમાં કરણે સૂરતમાં કરેલ દાવાની અરજી રજૂ કરી અને અદાલત સમક્ષ કરણની અરજીમાં લખેલ સરનામે કરણને નોટીસ બજાવવા માટે વિનંતી કરી. અદાલતે નીતાની આ વિનંતી માન્ય રાખી. સરનામા સંદર્ભે એવો પણ અનુભવ છે કે કેટલીક વ્યક્તિઓ ભાડે મકાનમાં રહેતી હોય તો ઘર બદલતી રહે છે અને તે રીતે ચાલતા કામે પણ તેઓનું સરનામું બદલાઈ શકે છે. કેટલીકવાર એવું જોવા મળે કે, જે તે વ્યક્તિને પોતાની માલીકીનું મકાન હોય છતાં કોઈપણ કારણસર ગામ કે શહેર છોડી દેવા પડે છે અને તેવા સંજોગોમાં જે તે વ્યક્તિ જે તે સરનામે મળી આવતી નથી. આવા સાચા કારણોસર કોઈ વ્યક્તિ મળી ન આવે તે એક બાબત છે પરંતુ કોઈ વ્યક્તિ બદ્ ઈરાદાથી પોતાનું સરનામું ખોટું જાહેર કરે તે બીજી બાબત છે.

કોઈ એમ પૂછે કે વ્યક્તિ શુદ્ધ ઈરાદાથી પણ ઘર છોડીને જતી રહી હોય અથવા તો ઘર બદલતી રહેતી હોય તો તેમાં તેને નોટીસ ન બજે તો વ્યક્તિનો વાંક ખરો? જવાબ એ છે કે વ્યક્તિ કોઈપણ જગ્યાએ રહે પરંતુ તે પોતાની વ્યક્તિ સાચું સરનામું પણ આપે નહીં તો તેની કેટલી બેદરકારી ગણવી જોઈએ? કહેવાનો અર્થ એ છે કે વ્યક્તિ પોતાના કુટુંબથી ભાગતો ફરે અને ખુદ પોતાની પત્ની અને બાળકોને પણ સાચું સરનામું જણાવે નહીં તો તેની કુટુંબ પ્રત્યે સંપૂર્ણ બેદરકારી જ ગણી શકાય. ખેર, આપણે પાછા આપણી વાત પર આવીએ તો કરણે સૂરતનાં દાવામાં લખેલ સરનામે પણ કરણ રહેતો નથી તો કરણ કયાં રહે છે? તેને નોટીસ કેમ બજાવવી? નીતા રાજકોટની અદાલતમાંથી હાથોહાથ નોટીસ બજાવતો બીડો મેળવે છે અને સૂરતની અદાલતને પણ કરણે ખોટું સરનામું જાહેર કર્યું છે તેવું જણાવે છે. પરંતુ નીતામાં તાકાત નથી કે તેણી કરણના ખોટા સરનામા બદલ ફોજદારી કાર્યવાહી પણ કરી શકે અને એટલે જ કાયદાઓ ઘણાં છે પરંતુ કાયદાની જટીલ કાર્યવાહી સંદર્ભે સામાન્ય માનવી દૂર રહેવા માંગે છે એનું એક માત્ર કારણ એ કાયદાની અજ્ઞાનતા છે.

નોટીસ બજાવવાની બાબતમાં અગત્યનો મુદ્દો પણ છે કે કોઈ વ્યક્તિ જ્યારે નોટીસ લેવાની ના પાડે ત્યારે નોટી બજી ગઈ છે તેમ ગણાય. કાયદાની ભાષામાં એમ કહેવાય છે કે, **Refused means as good as served** એટલે કે ભરણપોષણના કેસોમાં અદાલત તરફથી રજીસ્ટર્ડ પોસ્ટ મારફત પણ નોટીસ સામાપક્ષને મોકલવામાં આવે છે. જો આવી પહોંચ ઉપર રીફયૂઝડનો શેરો હોય તો તે નોટીસ બજી ગયેલી ગણાય છે.

**મહિલા સમાજ અને કાયદો - અંક-૫**
**ડો. ભાવના કે. જોશીપુરા**

ભરણપોષણના કેસોમાં અદાલતની નોટીસ જે તે હકૂમતવાળા પોલીસ સ્ટેશન મારફત સામાપક્ષને બજાવવામાં આવે છે. હકૂમતવાળું પોલીસ સ્ટેશન એટલે કે સામાપક્ષવાળા જે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારમાં જે પોલીસ સ્ટેશન હોય તે. કોઈ દૂર શહેર કે નગર કે મહાનગર કે જેની ભૌગોલિક સ્થિતિથી વાકેફ ન હોઈએ તો તે બાબતમાં જે તે જિલ્લાના પોલીસવડા અથવા તો જે તે મહાનગરના પોલીસ કમિશ્નર કચેરી મારફત પણ હકૂમતવાળા પોલીસ સ્ટેશનમાં સામાપક્ષને બજાવવાની નોટીસ પહોંચાડી શકાય છે.

અમારા રોજબરોજના અનુભવમાં પોલીસ સ્ટેશન, જિલ્લા પોલીસ વડા કે પોલીસ કમિશ્નર ઉપરનો નોટીસનો બીડો પણ અરજદાર હાથોહાથ કઢાવી શકે છે. માલાના કેસની વાત કરું તો માલાના લગ્ન મુંબઈ થયા છે. ગુજરાતના અંતરીયાળ ગામની કોઈ દિકરીના મુંબઈ લગ્ન થાય ત્યારે તેને ઘણો રાજીપો હોય છે. મુંબઈનગરીની આનંદમય કલ્પનાઓ અને મુંબઈનું શહેરી જીવન તેનું પણ એક આકર્ષણ હોય છે. પરંતુ જયારે પતિ- પત્નિ વચ્ચે લગ્નજીવનની તકરાર ઉપસ્થિત થાય ત્યારે મુંબઈ મહાનગરના છેવાડાના વિસ્તારમાં રહેતા પતિને અદાલતમાં દાખલ થયેલ ભરણપોષણની નોટીસ બજાવવી ઘણી અઘરી પડે છે. નોટીસ બજવણીનું કામ અઘરું જરૂર હશે પરંતુ અશકય નથી.

માલા સુરેન્દ્રનગરની કોર્ટમાં ભરણપોષણની અરજી દાખલ કરે છે. અદાલત જ્યારે મહેશ ઉપર તેના રહેણાંકના સરનામે મુંબઈ મુકામે નોટીસ મોકલે છે ત્યારે નોટીસનો કોઈ જ જવાબ આવતો નથી. અરે! નોટીસ પણ પાછી આવતી નથી. અત્રે ખાસ ઉલ્લેખ કરું છું કે આવા સાચા સરનામે કોઈપણ કારણોસર કોઈ વ્યક્તિ મળી ન આવે તો તે સરનામે તે મળી આવતો નથી. અદાલતમાં અરજી થયા બાદ અદાલત મારફત જ પ્રથમ સામાપક્ષને નોટીસ મોકલવામાં આવે છે અને સામાપક્ષ એટલે કે પતિ જે જગ્યાએ રહેતો હોય તે જગ્યાના હકૂમતવાળા પોલીસ સ્ટેશનમાં અદાલત મારફત નોટીસ પહોંચે છે. પોલીસ જ્યારે નોટીસ બજવણી વગર પાછી મોકલે છે ત્યારે મહદ્અંશે એવો શેરો મારેલો હોય છે કે પોલીસ અન્ય કામમાં રોકાયેલ હોય નોટીસ બજાવવાનો પૂરો સમય મળી શકેલ નથી. કેટલીકવાલ સામાપક્ષના ઘરના સભ્યોના નિવેદન લઈને શેરો પર થાય છે. ઘરના સભ્ય એવું લખાવે કે તેઓનો દીકરો ઘર છોડીને જતો રહેલ છે અને કયાં ગયેલ છે તેની ખબર નથી. જયારે નોટીસ એક યા બીજા કારણસર બજતી નથી ત્યારે અરજદાર પત્ની નોટીસનો બીડો હાથોહાથ લેવાની માંગણી કરે છે. આનું કારણ એ છે કે જો ખરેખર વ્યક્તિ ઘર છોડીને ભાગી ન ગઈ હોય તો તેવા સંજોગોમાં તેવી વ્યક્તિને રૂબરૂ જઈને શોધી શકાય છે. ઘરના સભ્યો માત્ર નોટીસની બજવણી ટાળવા પોલીસને ખોટા નિવેદનો પણ લખાવતા હોય છે.

ફરી માલાની વાત પર આવીએ તો, માલાએ દાખલ કરેલ ભરણપોષણ અરજીની નોટીસ મહેશને બજતી નથી. મહેશના ઘરના સભ્યો પણ એવું જ લખાવે છે કે મહેશ ક્યાં ગયો છે તેની ઘરના સભ્યોને ખબર નથી. માલાને વિશ્વાસ છે કે મહેશ મુંબઈમાં જ છે અને નોટીસ લેવી નથી તેથી ઘરના સભ્યો આવું લખાવે છે. મહેશ માલાને ફોન પણ કરતો હોય છે અને જણાવતો હોય છે કે માલા ગમે તે કરશે મહેશ ઉપર કાંઈ થવાનું નથી. મહેશ કહે છે કે મને કોઈ શોધી શકવાનું નથી. મહેશ જે જગ્યાએ કામ કરતો હોય છે તો જગ્યાએ માલા તપાસ કરે છે. માલા ફરીથી અદાલતમાં મહેશની નોકરીનું સરનામું પણ રજૂ કરે છે અને મહેશના કામ કરવાની જગ્યાએ મહેશને નોટીસ બજાવવા માટે અદાલતને વિનંતી કરે છે. ફરીથી અદાલતમાંથી મહેશ જે જગ્યાએ નોકરી કરે છે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં નોટીસ મોકલવામાં આવે છે. આ વખતે માલા પોલીસ સ્ટેશને હાથો હાથનો નોટીસનો બીજો લઈને પહોંચે છે. માલા ખૂબ હિંમતવાળી અને ધીરજવાળી સ્ત્રી છે. માલા પોતાની સાથે કોર્ટના જાણકાર એક વ્યક્તિને પણ મુંબઈ લઈ જાય છે. આ બંને જણા પોલીસ સ્ટેશનના અધિકારીને મળીને મહેશ ભાગતો ફરે છે તેવું જણાવે છે. પોલીસ અધિકારી એમ જણાવે છે કે, અદાલતના આદેશવાળી નોટીસ હોય તો મદદરૂપ થઈ શકે.

પોલીસ અધિકારી આશ્ચર્ય વચ્ચે માલા પોલીસ અધિકારીને નોટીસનો હાથો હાથનો બીડો બતાવે છે. પરંતુ માલા જણાવે છે કે જો મહેશને ખબર પડશે કે આ નોટીસ આવી છે તો તે નોકરીના સ્થળે પણ આવશે નહીં તેથી કોઈ યોજનાપૂર્વક તેને નોટીસ બજાવવી જોઈએ. માલાની શંકા સાચી પડે છે. મહેશને કોઈપણ કારણસર માલા મુંબઈ આવી છે તે ખબર પડી જાય છે અને મહેશ તે દિવસે નોકરીએ જતો નથી. પોલીસ અધિકારી માલાને જણાવે છે કે, કોઈપણ વ્યક્તિ વિશ્વમાં જીવતો હોય તો તેને શોધી કાઢી શકાય છે.

પોલીસ સ્ટેશનના સક્ષમ અધિકારી નોટીસ બજાવવા સંદર્ભે કઈ રીતે મદદરૂપ થાય છે? જો પોલીસથી પણ નોટીસ ન બજે અને વ્યક્તિ ન મળી આવે તો શું કાર્યવાહી કરવાની થાય? માલા અને મહેશના કેસમાં આગળ શું બન્યું. માલા અને મહેશ વચ્ચે કયા પ્રકારની લગ્નવિષયક તકરાર ઉભી થઈ હતી ?.. !